R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-24 • ISSUE: 03 DATE: 17-01-15• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## છત્તીસગઠના,બસ્તર વિસ્તારમાં આવેલ ૫૦ ગામોમાં ખ્રિસ્તી મિશનરીઓ માટે કોમવાદી તત્વા દ્વારા પ્રવેશની મનાઇ

વિશ્વ હિંદુ પરિષદ દ્વારા છત્તીસગઢ ના બસ્તર વિસ્તારમાં આવેલ ૫૦ જેટલા ગામોમાં ખ્રિસ્તી મિશનરીઓના પ્રવેશ બાબતે મનાઈ હુકમ ફરમાવી દેવાયો છે.છેલ્લા છ મહિનાથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ કોમવાદી સંસ્થાઓએ આ ચળવળ ચલાવી છે.કેટલીક જગ્યાઓ પર ખ્રિસ્તીઓ જેઓ ગામડામાં વસે છે તેમને રેશન આપવા પર મનાઈ ફરમાવાઈ છે.સુરેશ યાદવ,બસ્તર જીલ્લા પ્રેસિડેન્ટ,વી.એચ.પી.દ્વારા ૫૦ ગ્રામ પંચાયતો જે બસ્તર વિસ્તારમાં આવેલ છે તેમને સેકસન ૧૨૯(જી),છત્તીસગઢ પંચાયત રાજ એકટ મુજબ તમામ બિનહિંદુઓને આ વિસ્તારમાં પોતાનો ધર્મ અને આસ્થા પ્રદર્શિત કરવાની મનાઈ ફરમાવાઈ છે.ખ્રિસ્તીઓ પ્રાર્થના કે પોતાની આસ્થા મુજબ કોઈપણ કાર્ય કરી શકતા નથી. જો કે ભારતીય સંવિધાનમાં આવી કોઈ જોગવાઈ નથી. પરંતુ કોમવાદી તત્વોને જ્યારે સત્તા મળે ત્યારે તેઓ કેવું કરી શકે છે તેનો આ એક નમુનો છે.

સીરીસગુડા ગ્રામ પંચાયત(વિલેજ કાઉન્સીલ) કે જે તોકાપલ બ્લોક,બસ્તરમાં આવેલ છે તેણે સ્પેશીયલ ગ્રામ સભા મં એક ઓર્ડર પાસ કર્યો હતો કે જે મીડીયાને વાંચવા માટે પણ અપાયો હતો.''જબરજસ્તીથી કરાતું ધર્માંતરણ રોકવા તથા બહારથી આવીને ધર્મ પ્રચાર પ્રસાર કરતા લોકોને રોકવા, તેમજ હિંદુ દેવી દેવતા કે તેમના પળાતા સંસ્કારો વિરુધ્ધ બોલનારા કે આચરણ કરનારાઓ સામે સીરીસગુડા ગ્રામ પંચાયત દ્વારા આદેશ જારી કરવામાં આવે છે આ તમામ બાબતો પર આ વિસ્તારમાં પ્રતિબંધ છે. ''કેટલાક સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ડીસ્પુટ ઉભો થવા પાછળનું કારણ કંઈક એવું છે કે કેટલાક વાર્ષિક હિંદુ તહેવારો નિમિત્તે ખ્રિસ્તી કુટુંબોએ નાણાંકીય મદદ કરવાની મનાઈ ફરમાવતાં આમ બન્યું છે.તેઓએ નાણાંકીય મદદ નહી કરી તેમજ તેઓએ હિંદુ દેવ દેવતા વિરુધ્ધ બોલ્યા હતા.તેથી ગ્રામ સભાએ તેમનો બહિષ્કાર કર્યો છે.તેવું સીરીસગુડા સરપંચ જમુના બેગહેલે જણાવ્યું હતું.

જો કે ખ્રિસ્તીઓ દ્વારા જણાવાયું હતું કે આ તો માત્ર વીએચપીનું બહાનું છે.કારણકે વીએચપી છેલ્લા કેટલાક સમયથી ખ્રિસ્તીઓને પાછા હિંદુ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે.તેથી તેઓએ ખ્રિસ્તી મિશનરીઓ પર બાન મુક્યું છે જેથી તેમનો કાર્યક્રમમાં કોઈ અડચણ ના આવે.છેલ્લા બે માસથી ખ્રિસ્તીઓને રેશન આપવાની મનાઈ કરવામાં આવી છે તેમની પર હુમલા કરવામાં આવી રહ્યા છે,જ્યારે તેઓ વિલેજ પંચાયતના હુકમ પ્રમાણે રેશન લેવા જાય છે ત્યારે.

સોનોરુ માનદેવી,જેનું કુટુંબ ૨૦૦૨માં ખ્રિસ્તી બન્યું હતું.તેને છેલ્લા બે માસથી રેશન આપવામાં મનાઈ કરવામાં આવી છે.૧૦ ખ્રિસ્તીઓ પર હુમલો કરવામાં આવ્યો છે જ્યારે તેઓ રેશન લેવા ગયા હતા ત્યારે.જો કે છત્તીસગઢ ક્રિશ્ચિયન ફોરમે આ બાબતે મુકાયેલ બાનનો સખ્ત વિરોધ કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારનું બાન મુકવું તે ગેરબંધારણીય છે.

આ ખાપ પંચાયતના જેવું જ કંઈક છે.તમે કેવી રીતે અમને અમારી ધાર્મિક સ્વાતંત્રતાને બ્લોક કરી શકો,અને તે પણ પંચાયતના કાયદાના આધારે ?અરુણ પન્નાલાલ, પ્રેસિડેન્ સીસીએફે જણાવ્યું હતું.ભારતનું બંધારણ દેશના તમામ નાગરિકોને,તમને ધાર્મિક સ્વાતંત્રતા આપે છે.જીલ્લા કલેકટર અંકિત આનંદે મીડીયાને જણાવ્યું હતું કે તેઓ ગામમાં રેશન બરાબર આપવામાં આવે તે બાબતે જોશે.બસ્તરમાં ધર્માંતરણ એ કોઈ મોટો મુદ્દો નથી.અમો એ જોઈશું કે તમામ ગામવાસીઓને તેમનું રેશન કોઈપણ જાતની રુકાવટ વગર મળી રહે.જો કે આ બાબતને ખ્રિસ્તી સંગઠનોએ પુરાવા સહિત સુપ્રીમ કોર્ટમાં પડકારવી જોઈએ જેથી પંચાયતો બહુમતીના જોરે ગેરબંધારણીય કાયદાઓ ઘડે અને તેનો અમલ કરતી અટકાવવી જોઈએ.

## વિશ્વના બે આતંકી ગ્રુપ બોકો હરામ અને ઇસીસ વચ્ચે ખ્રિસ્તીઓનું નિકંદન કાઢવાની સ્પર્ધા ચાલી રહી છે

સમીક્ષકો આ બાબતે ચિંતિત છે કે હાલમાં ઈસ્લામીક સંગઠન બોકો હરામ અને ઈસીસ વચ્ચે ખ્રિસ્તીઓનું નિકંદન કાઢવાની સ્પર્ધા ચાલી રહી છે તેવું લાગે છે.

૨૦૧૪માં બોકો હરામે ૧૮૦૦ ખ્રિસ્તીઓના મોત નિપજાવ્યા હતા. તેમજ એક જ વખતના હુમલામાં બોકો હરામ દ્વારા ટાઉન બેગા ખાતે ૨૦૦૦ જેટલા ખ્રિસ્તીઓને રહેસીં નખાયા હતા.ઈસીસ પણ આ બાબતે પાછળ નથી તેમણે સીરીયા અને ઈરાકમાં આતંક મચાવ્યો છે. અનો ખ્રિસ્તીઓની કત્લેઆમ જારી છે.આ આતંકવાદથી તરબરત વર્ષો છે.પરંતુ હવે નવા આતંકી નેટવર્કનો જન્મ થઈ રહ્યો છે.સમગ્ર વિશ્વનુ ધ્યાન હાલમાં પેરીસમાં થયેલ ઘટના તરફ છે.પરંતુ જાણકારોનું એવું માનવું છે કે વિચારોનું યુધ્ધ શરુ થઈ ચુક્યું છે.આ વિશ્વના બે આતંકી ગ્રુપ વચ્ચે તે ચાલી રહયું છે પરિણામે એકબીજાથી ચઢિયાતા સાબિત કરવા માટે તેઓ ઘાતકી હત્યાઓ કરી રહ્યા છે.આ બાબતને વિશ્વે નજર અંદાજ કરવી જોઈએ નહી કારણકે દિવસે દિવસે આ લોકોનું વૈચારીક યુધ્ધ ઘાતકી હિંસા તરફ સમગ્ર વિશ્વને ઘેરી લેશે તેવી વકી છે.

આ આતંકી સંગઠનો એવું માને છે કે માત્ર ઈસ્લામ જ એક ધર્મ વિશ્વ ભરમાં હોવો જોઈએ અને તેઓ કટ્ટર કોમવાદ લાદીને વિશ્વભરમાં પોતાનું રાજ સ્થાપિત કરવા માગે છે અને તે માટે તેઓ કાળો કેર વરતાવવામાં પાછી પાની નહિ કરવામાં માને છે.પરિણામે વિશ્વ શાંતિ ઉપર મોટું જોખમ ઉભું થયું છે.

## કંધમાલની ખ્રિસ્તી વિરોધી હિંસાની છઠ્ઠી વરસી દિલ્હીમાં મનાવાશે




કેટલાંક ખ્રિસ્તી સંગઠનો કે જેઓ દિલ્હી દેશના પાટનગર સ્થિત છે તેઓ કંધમાલના અસરગ્રસ્તો માટે છઠ્ઠી વરસીનો કાર્યક્રમ દિલ્હી ખાતે મનાવવાનું આયોજન કર્યું છે.

## ઉત્તરપ્રદેશમાં ખ્રિસ્તીઓ પર થઇ રહેલા હુમલાઓનો ખ્રિસ્તી સંગઠનો દ્વારા વિરોધ

રીલીજીયસ લીબર્ટી કમિશન ઓફ ધ ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયા દ્વારા ઉત્તર પ્રદેશમાં ખ્રિસ્તી વિરુધ્ધ થઈ રહેલા હુમલાઓ બાબતે ભારે વિરોધ નોધાવવામાં આવ્યો હતો.તાજેતરમાં નાઝારેની ચર્ચ,શેહકરી નગર,બુલેન્દેશ્વર, ઉત્તર પ્રદેશ ખાતે,તેના થોડાક દિવસો બાદ સરૈયા વિલેજ,જોનપુર ડીસ્ટ્રીક ખાતે હુમલાનો ભોગ બન્યું હતું.તાજેતરમાં ઉત્તર પ્રદેશનું રાજકારણ કોમવાદમાં તબદિલ થઈ રહ્યું છે.આજ પરિસ્થિતિ દેશના બીજા ભાગોમાં પણ બની રહી છે.

નાઝારેની ચર્ચ ઉપર બજરંગ દળના સભ્યો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો તેવું ચર્ચના પાસ્ટર અને ત્યાં હાજર રહેલા સભ્યોએ જણાવ્યું હતું.જ્યારે ચર્ચમાં એક ફંકશન ચાલી રહ્યું હતું ત્યારે હુમલાખોરો હેમંત સીંગની નેતાગીરી સાથે ધસી આવ્યા હતા.હેમંત સીગને સ્થાનિક કો ઓર્ડીનેટર બજરંગદળ તરીકે ઓળખી લેવાયો હતો.હુમલાખો રો દ્વારા પાસ્ટર રેવ આર.સી પોલને માર મારવામાં આવ્યો હતો અને ક્રોસ તેમજ ચર્ચના ફર્નિચરને તોડી નાંખવામાં આવ્યું હતું.

રેવ આર.સી.પોલના જણાવ્યા પ્રમાણે અમારી રેગ્યુલર સર્વીસ ચાલે છે.એકાએક બજરંગદળના લોકો ચર્ચમાં ઘુસી આવ્યા હતા અને ચર્ચમાં હાજર લોકોને મારવાનું શરુ કરી દેવાયું હતુ.ત્યાં હાજર મહિલાઓ સાથે અસભ્ય વર્તન કરવામાં આવ્યું હતું.મારામારી તથા તોડફોડ બાદ બજરગદળના હુમલાખોરોએ તેમનો કેસરીયો ધ્વજ ચર્ચમાં અને બિલ્ડીંગ પર ફરકાવ્યો હતો.તેમજ ધમકી આપવામાં આવી હતી કે ચર્ચ બંધ કરી દેવાશે નહી તો ગંભીર પરિણામો ભોગવવા પડશે.

પોલીસે હેમંતસીગ,યોગેન્દ્રા કુમાર,બજરંગ દળના સભ્યોને સ્થળ પરથી જ પકડી લીધા હતા.આ બાબતની ફરિયાદ પાસ્ટર તરફથી લખાઈ હતી.અન્ય ૮ બજરંગ દળના સભ્યો સામે પણ ફરિયાદ નોધાઈ છે.આ ચર્ચ ૧૯૯૧થી અસ્તિત્વ ધરાવે છે.સરૈયા ,પોસ્ટ તર્તી,તહેસીલ મડીયાહુલ,જાનપુર ડીસ્ટીક,ઈસ્ટન યુ.પી.ખાતે આવેલ ચર્ચ ઉપર હુમલામાં બીજેપી અને શિવસેનાના સભ્યો હતા.સ્થાનિક બીજેપી લીડર હરેન્દ્રા પ્રતાપ સિહ તથા સ્થાનિક શિવસેના લીડર અચી લાલ તીવારી આ હુમલાના નેતાઓ હતા.પોલીસે પાસ્ટરની ફરિયાદ લેવાને બદલે પાસ્ટર સહિત ૧૧ ખ્રિસ્તીઓની ધરપકડ કરી હતી.યુપીના મુખ્યમંત્રીને આ બાબતે અપીલ કરવામાં આવી છે. તેઓ આ બાબતે કોમવાદી તત્વોને છુટછાટ આપવાનું બંધ કરે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવક્રાંતિ

દિલ્હીની વિધાનસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ જીત મેળવવા માટે આમ આદમી પાર્ટી સાથે ભુતકાળમાં અને વર્તમાનમાં સંકળાયેલા કેટલાક મહાનુભાવોને છીનવી લીધા છે.દિલ્હીની ગાદી પર બેસવા માટે ભારતીય જનતા પાર્ટીએ એડી ચોટીનું જોર લગાવ્યું છે. જો કે જે પ્રમાણે એનાલીસીસ રીપોર્ટ દેખાય છે તે પ્રમાણે હજુ સુધી કેજરીવાલની પાર્ટીનું પલ્લુ ભારે લાગે છે.દિલ્હીની ચુંટણીમાં કોગ્રેસ ત્રીજા ક્રમે ધકેલાઇ ગઇ છે. હાલમાં ભારતીય જનતા પાર્ટી અને કેજરીવાલની પાર્ટી સાથે મુકાબલો દેખાઇ રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીને લોકોએ આપેલ બહુમતી માત્ર વિકાસના મુદ્દા પર આધારિત હતી અને તેના સર્વે સર્વા તરીકે માત્ર નરેન્દ્ર મોદીને મત મળ્યા હતા.પરંતુ ભારતીય જનતા પાર્ટી  તેમજ સંઘ સાથેની કેટલીક સંસ્થાઓ યેનકેન પ્રકારે આ જીત તેમના મુદ્દાઓ આધારિત ગણાવી રહી છે અને તેમના કેટલાક અતિ સંવેદનશીલ મુદ્દાઓને જોર શોરથી આગળ લાવી રહીછે જે વડાપ્રધાનના વિકાસના કાર્યક્રમની ગતિને પાછી પાડી દેશે.ભારતીય બંધારણે બિનસાંપ્રદાયકિતાને સ્વીકારી છે અને તે પ્રમાણે આ દેશનુ માળખું રચાયેલ છે. હવે તેને તીતર ભીતર કરી નાંખવાનો મનસુબો કેટલાક પરિબળો દેખાડી રહ્યા છે.

કેટલાક પરિબળો માત્ર કટ્ટરતાવાદને પોષવા માટે રોજ બરોજ જુદા જુદા નિવેદનો કરતાં રહે છે. તાજેતરમાં હિંદુઓને કેટલા બાળકો હોવા જોઇએ તેનો વિવાદ ચર્ચા માં છે. આ દેશમાં સાધુઓ નક્કી કરશે કે સંસારીઓએ કેટલા બાળકોના માંબાપ બનવાનું છે.દેશની વસ્તી જ વધારવી હોય તો શા માટે આ સાધુઓનો બહુ મોટો સમુદાય સંસારી બની જતો નથી અને દેશની જે સમસ્યા તેમને લાગે છે તેનો ઉકેલ તેઓ જાતે લાવતા નથી.અગ્રેજીમાં કહેવત એવી છે કે 'ચેરીટી બીગીન્સ ફ્રોમ હોમ 'એટલે કે દરેક સખાવતી કે લોકોને સ્પર્શતું સારુ કાર્ય આપણે આપણા ઘરથી જ શરુ કરવું જરુરી છે.સંસાર છોડી દીધેલા બાવાઓને સત્તા,મિલ્કતો,નાણાં અને વેપારમાં રસ ના હોય, પરંતુ આજકાલના આ તમામ બાવાઓ ઉદ્યોગપતિઓ કરતાં વધુ નાણાં કમાવે છે.તાજેતરમાં એક યોગ સાધુનો વેપારનો આંકડો બે હજાર કરોડને આંબી ગયો છે.આને સાધુ કહેવો કે ઉદ્યોગપતિ.તેઓ સાધુના નામે અનેક લાભો ભોગવી રહ્યા છે. આ ઉપરાંત તેમને વીઆઇપી સુરક્ષા આપવામાં આવી રહી છે.

જો આ દેશ માત્ર સાધુઓથી ચલાવવાનો હોય તો પછી આ રાજકારણમાંથી રાજકારણીઓને વિદાય આપવી પડશે. તેઓ દેશનુ ભાવિ અને નીતિ નિયમો નક્કી કરશે.નહિતર તેમની સેવાઓને મંદિરો પુરતી સીમીત કરવી પડશે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઇ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨

# અદાલતી ચુકાદા દર્દનાશક છે, રોગનાશક નથી

ભારતીય બંધારણની ભાવનાઓને હાર્દમાં રાખીને સર્વોચ્ચ અને વડી અદાલતો ચુકાદાઓ આપે છ.સુપ્રીમ કોર્ટે અને અલહાબાદની વડી અદાલતે એક દિવસ ફેરમાં ચુકાદા આપ્યા.સ્થિતિ અતિશય વણસે અને તેના કરેકશન માટે ચુકાદા આવે તેથી મહત્વના દેખાય છે.પણ તેનાથી કાંઇ ખાસ સુધારા થવાના નથી. એવું સિનિકલ માઇન્ડ પ્રજાનું બન્યું છે. અને પ્રજા સાવ ખોટી નથી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે જે સાંસદ કે વિધાયકને બે વરસ કે તેથી વધુ જેલની સજા થાય તે પદ માટે તુરત ગેરલાયક ઠરશે.ઉત્તર પ્રદેશની વડી અદાલવતે યુપીમાં જ્ઞાતિઓના આધારે રાજકીય રેલીયો યોજવા પર પ્રતિબંધ મુકી દીધો.અમુક સમય તેની અસર રહેશે ત્યાં સુધીમાં નેતાગણે એવી તરકીબો ડીવાઇઝ કરી લીધી હશે કે અદાલતોને નવા સુધારા લાવવા પડશે.સમસ્યાના મુળમાં ભારતીય ચુંટણી વ્યવસ્થા અને ભારતીય બંધારણ છે

દુનીયાના કોઇપણ દેશોના બંધારણોની સરખામણીમાં સૌથી વધુ સુધારા વધારા ભારતના બંધારણમાં કરવા પડ્યા છે. ચુકાદાની અસર કેવી થશે, નેતાઓ હવે જાતે કોઇને ધમકાવવા નહીં જાય. ભાણેજોને જ આગળ રાખશે. કરોડો રુપીયાની રુશવત કે આરટીઆઇના ચળવળકારની હત્યા ભાણીયાઓ પાસે કરાવશે.મામા પકડાશે તો કહેશે કે અતિઉત્સાહમાં ભાણેજે કૃત્ય આચર્યું છે. અમુક દુંરદેશ નેતા મામાઓએ આ મોડસ ઓપરેન્ડી ઘણા વખતથી અપનાવી જ છે.હવે એ ફેશન બની જશે. જે દેશમાં બે પાંચ હજારમાં ભાડુતી કીલર મળી રહેતા હોય ત્યારે નેતાએ ટ્રીગર દબાવવા જેટલી મહેનત શા માટે કરવી જોઇએ ?બીજી વ્યવસ્થા એ થશે કે પ્રારંભિક અદાલતમો જ ચુકાદો આવતાં વરસો લાગી જાય. તપાસ, ચાર્જશીટ વગેરેનું કામ તો પોલીસે કે સીબીઆઇએ કરવાનું છે. પાયાનું ન્યાયતંત્ર પણ દુધે ધોયેલ નથી. પક્ષોને માથાભારે નેતાઓને રાજનીતીમાં સ્થાન આપવું જ પડશે, કારણ કે તેઓ કોઇ જ્ઞાતિ પર પણ પ્રભાવ પાડતા હોય છે.

વર્તમાન અમલી જનપ્રતિનિધિ કાનુનમાં પણ પુરતાં પ્રાવધાનો છે કે સ્વચ્છ અને નિષ્ઠાવાન લોકો જ ચુંટણી લડી શકે, જો પક્ષ સામાજિક, ધાર્મિક સંવાદિતામાં વિક્ષેપ પાડે તો ગેરલાયક ઠરે છે. છતાં રાજ ઠાકરે અને બાલ ઠાકરેનો પક્ષ ચુંટણી લડતો રહે છે. ઉત્તરપ્રદેશની ચુંટણી રેલીમાં નેતાઓ ગળું ફાડીને બોલતા રહે છે. કે સંસદમાં સત્તા પર આવીશું તો આવા લોકોને દેશમાંથી ખદેડી મુકીશું. માર મારીશું. આ વક્તાના પક્ષની સરકાર જ રાજ્યમાં હોય તેથી પોલીસ તેમની સામે કોઇ ગુનો નોંધતી નથી.અસ્પૃશ્યતા, રુશ્વત, સ્ત્રી અત્યાચાર, દલિત અત્યાચાર, ફેમાના કાયદાનો ભંગ,નેતા કે તેના સંતાનો વિદેશમાં મિલકતો ખરીદે, ખાધ્યાનમાં ભેળસેળ કરી હોય વગેરે અપરાધો બદલ ઉમેદવાર ચુંટણી લડવા ગેરલાયક ઠરે છે. ગેરલાયક ઠરાવતી બીજી ઘણી જોગવાઇઓ છે. આ સૌથી ભ્રષ્ટ,સૌથી ભેળસેળીયા, સૌથી ધાર્મિક ઝગડા ધરાવતા દેશમાં કેટલા ઉમેદવારો ગેરલાયક ઠર્યા ? જ્યાં સુધી શાસનમાં તમામ અંગો ચુસ્તદુરસ્ત રીતે કામ ન કરે ત્યાં સુધી અદાલતના હુકમો પેઇનકીલર ગોળી બની રહે છે. દુઃખાવો તત્કાળ દુર કરે,પણ રોગને કાયમ રાખે.

માનવી બાય ડિફોલ્ટ નાના મોટા જુથ રચવા માટે સર્જાયેલું પ્રાણી છે.ઉત્ક્રાંતિના નિયમ માટે એ જરુરી છે.પણ લોકશાહીમાં તે નડે છે.ધર્મ,અર્થ,કામ,મોક્ષ એ ચારેય પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી માનવી કલબ,મંડળ,જ્ઞાતિ,સંપ્રદાય, ધર્મ રચતો આવ્યો છે.જેટલા લાઇક્સ વધુ મળે તેટલો વધુ લાયક ગણાય.એકથી વધુ જુથો સાથે જોડાઇને અન્ય લોકોના અધિકારો પણ તરાપ મારી શકે છે.આ દેશમાં ત્રીસ ટકા મતો મેળવતા જુથો સરકાર રચી શકે છે.બાકીના સિત્તોર ટકા જાય જહાન્નમમાં. આ લોકશાહી નથી.વર્ણવ્યવસ્થાના દુર્ગુણો અને દુષણોનો નાશ કરવા મેદાને પડેલા લોકો જ એ દુષણોને પોષે છે.ઉત્તર પ્રદેશમાં થોડાક વખત પહેલાં માયાવતીએ બ્રાહ્મણ સંમેલન યોજ્યું હતું. શિખા,ત્રીપુંડ,ધોતી,અબોટીયા સાથે બ્રાહ્મણોએ વેદમંત્રો ઉચ્ચાર્યા, યજ્ઞ કર્યો, જુની ભુલો રીપીટ નહીં થાય તેમ કહીને માયાવતીએ માફી માંગી. અગાઉ બ્રાહ્મણોની મદદથી ચુંટાયા બાદ માયાએ તિલક,તરાજુ તલવારને ખરેખર ચાર જુતા માર્યા તેથી હારી ગયા હતા. આ લાઇન પર ઘણાં સંમેલનો યોજાય છે.કુરમ,ક્ષત્રીય,જાટ,દલિત,ગુર્જર વગેરે.એક રીતે જોઇએ તો પરસ્પર વિરોધી લોકો સાથે મળે એ સારી બાબત છે.પણ અનુભવ કહે છે કે તેઓ માત્ર સત્તા માટે જ મળે .તેઓની નફરત તો અકબંધ જ છે.અદાલતનું માનવું છે કે અમુક જ્ઞાતિના લોકો એકઠા થાય અને અન્ય જ્ઞાતિઓ સામે જાહેરમાં નફરત ફેલાવે તેથી દેશની એકતા નબળી પડે છે.શાસનની બાબતમાં ભેદભાવ આચરી શકાય નહીં.

વિસંવાદિતા નહી પણ સંવાદિતા જાળવીને ચુંટણી યોજવી જોઇએ.૯૫ ટકા લોકો હુકમ સાથે સહમત છે અને રાજકીય નેતાઓ તેને જાહેરમાં આવકારે છે પણ ખાનગીમાં તેઓ હંમેશા જુદુ કરે છે. આમેય આ ચુકાદાની અમુક શુભ અસર બાદ કરતાં મોટો ફરક પડવાનો નથી.વરસોથી ચુંટણીપંચે ધર્મના આધારે ચુંટણી પ્રચાર કરવાની મનાઇ ફરમાવી છે તો શું ફાયદો થયો ? ખાસ કોઇ ફાયદો નજરે ચડતો નથી.બંધારણમાં મનાઇ હોવા છતાં હજી ધર્મના આધારે નોકરીમાં આરક્ષણ આપવાનો ચુંટણીપ્રચાર થાય છે.મેનિફિસ્ટો ઘડાય છે. ભારતની રચના જ જ્ઞાતિ આધારિત છે. હજારો વરસની વ્યવસ્થા ચંદ દાયકાઓમાં દુર નહીં થાય. ઘણા કાનુનો જ્ઞાતિ વ્યવસ્થાને માન્ય રાખે છે. અમુક જ્ઞાતિના પંચ છુટાછેડાના નિર્ણય લઇ શકે છે. જ્ઞાતિ આધારિત હાઉસીંગ સોસાયટી કાયદેસર રચી શકાય છ.તેમાં અન્ય ધર્મનો વ્યક્તિને મકાન ખરીદવાનો સમય મળતો નથી.જ્ઞાતિઓને  આરક્ષણો અપાયા છે.ઘણા રાજકીય પક્ષો સાથે ધર્મના નામો જોડાયેલા છે.ત્યરે એક સ્થળે કાયદેસર છે તે અન્ય સ્થળે ગેરકાયદે ઠરાવીને કાનુનનુ પાલન કરાવવાનું કામ કપરુ છે.નેતા જ્ઞાતિ આધારે સરઘસ કાઢી શકે નહી, પણ જ્ઞાતિઓના મેળાવડામાં હાજર રહેવામાં નેતાને કોણ રોકી શકે ?આમેય જ્ઞાતિના નેતાઓને સાધીને રાજનેતાઓ જ્ઞાતિને જે સંદેશ આપવાો હોય તે આપી દેતા હોય છે.અમુક ગામો તો આવા જ્ઞાતિઓના બનેલા હોય છે.તેમાં સરપંચ જ્ઞાતિનો આગેવાન હોય છે.અદાલતનો ચુકાદો ધારેલું કરેકશન કરવામાં સફળ જશે નહીં. રાજકીય પક્ષો અન્ય રીતે જ્ઞાતિઓ પર પ્રભાવ જાળવી રાખશે.કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ નવી દિલ્હીમાં કહ્યું કે તમે સરકાર તરીકે ગમે તેટલું સારુ કામ કરો, તો પણ ફરીવાર ચુંટાઇ આવશો તોની કોઇ ખાતરી નથી.કારણકે આપણા દેશમાં જ્ઞાતિ અને ધર્મ જેવા ફેકટરો ચુંટણીઓ પર પ્રભાવ પાડે છે.જે જ્ઞાતિ જોડાણો મંચ પર થતાં હતા તે હવે સમાજની વાડીઓમાં થશે.

ધર્મના નામે ચુંટણી પ્રચાર બેફામ થાય છે. ત્યારે જ્ઞાતિ પર અંકુશ કેવી રીતે રાખી શકાય. મુળ બિહારની પણ મહારાષ્ટ્રના મુંબ્રામાં વસેલી ઇશરત જહાંને બિહારના મુસ્લીમો અને જદયુના નેતાઓ બિહારની દીકરી ગણાવી રહ્યા છે. અને એન્કાઉન્ટરનો બદલો લેવાની ચોસ કોમના મતદારોને અપીલ કરી રહ્યા છે.વાતો ભલે થાય પણ બિહારમાં વિકાસના નામો કોઇ મત માંગતું નથી.મોદી પણ બિહારમા પછાત વર્ગના ઉમેદવાર ગણાવાઇ રહ્યા હતા.જ્ઞાતિઓનું જોર એટલું જ છે કે તેમના નામ અને શક્તિોનો ક્યાસ મુક્યા વગર ચુંટણી પરિણામોને લગતા કોઇ સાચા અહેવાલો મીડીયા આપી શકતું નથી.આ સ્થિતિમાં અદાલતના પગલાં સાચી દિશાના જરુરી છે.પણ કોઇ મોટો ફરક પાડવાના નથી.અદાલત ઉંટ ઢેકા કાઢશે અને રાજકીય માનવીઓ કાંઠા બનાવતા રહેશે.જ્યાં સુધી, હાલના તમામ નકારાત્મક પ્રભાવોથી ચુંટણી પ્રક્રિયાને દુર કરી શકે તેવી વ્યવસ્થા નહીં થાય,ચુંટણીને લગતાં આ અવગુણો ચાલુ જ રહેવાના છે.

લેખક : વિનોદ પંડયા
(સૌ. સંદેશ)

# પેરિસમાં ચાર્લી હેબ્દો સાપ્તાહિકની કચેરી પર આતંકી હુમલો,૧૧ પત્રકાર ઠાર મરાયા

ફ્રાંસની રાજધાની પેરિસમાં આવેલ ચાર્લી હેબ્દો નામના સાપ્તાહિકની કચેરી પર બે આતંકીઓ ત્રાટક્યા હતા.તેમણે એકે ૪૭ અને રોકેટ લોન્ચર સાથે હુમલો કર્યો હતો.અંધાધુધ ગોળીબારને કારણે સાપ્તાહિકની કચેરીમાં તંત્રી સ્ટીફન શાર્બોનિયર,ચાર કાર્ટુનિસ્ટ સહિત ૧૧ પત્રકારો અને એક સિક્યુરીટી ગાર્ડનાં મોત નિપજ્યા હતા.તેમજ અન્ય છની સ્થિતિ ગંભીર છે.જ્યારે હુમલો થયો ત્યારે એડીટોરીયલ સ્ટાફની મીટીંગ ચાલી રહી હતી.મળેલા સમાચારો મુજબ આતંકીઓ અલ કાયદા સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળ્યું હતું. આ સાપ્તાહિક માં ઈસ્લામના સ્થાપક મોહમંદ પયગંબર અને અન્ય મુસ્લીમ નેતાઓ પર કટાક્ષ કરતાં વ્યંગ પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા.એમ મનાય છે કે આવા કારણોસર આ હુમલો કરવામાં આવ્યો હોય.હુમલા બાદ આ આતંકીઓ એક કાર હાઈજેક કરીને નાસી છુટ્યા હતા.સમગ્ર ઘટનાની જાણ થતાં જ ફ્રાંસના રાષ્ટ્રપતિ ફ્રાન્કોઈસ હોલાન્ડે ઘટના સ્થળે જઈ જાત તપાસ કરી હતી.તેમજ સમગ્ર ફ્રાંસમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

સમગ્ર વિશ્વભરમાં આ સમાચારો વહેતા થયા અને અખબારી આલમમાં સન્નાટો વ્યાપી ગયો.સમગ્ર વિશ્વે આ ઘટનાની નિંદા કરી હતી.ચાર્લી હેબ્દોના તંત્રી સ્ટિફનના કહેવા પ્રમાણે સ્કેચે આજ સુધી કોઈનો જીવ લીધો નથી.પરંતુ પોતાની મુક્ત અભિવ્યક્તિના કારણે આતંકી ધમકીઓ,હુમલાનો સામનો કરી ચુકેલા આ સાપ્તાહિકના ૧૧ પત્રકારો વાણી સ્વાતંત્ર માટેની લડાઈમાં શહીદ થઈ ગયા.હુમલાખોરો બુમો પાડતા હતા કે અમોએ પયગંબરનો બદલો લીધો છે.અગાઉ પણ ઈસ્લામ પર વ્યંગના કારણે આ સાપ્તાહીકની કચેરી પર હુમલો થયો હતો.તેમજ અવારનવાર ધમકીઓ તો મળતી જ હતી.

સમગ્ર વિશ્વભરના નેતાઓએ ફ્રાંસમાં શહિદ થયેલા પત્રકારોના કુટુંબીજનોને સાંત્વના આપતા સંદેશાઓ આપ્યા હતા.જર્મનીના એન્જેલા મર્કેલે જણાવ્યું હતું કે આ હુમલો ફક્ત ફ્રેન્ચ નાગરિકો પર નહીં પરંતુ વાણી સ્વાતંત્રતા અને મીડીયાની સ્વતંત્રતા પરનો છે.બ્રિટનના વડા પ્રધાન ડેવીડ કેમરુને પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે બ્રિટિશ સંસદ અને સમગ્ર દેશ આતંકવાદના તમામ સ્વરુપોની વિરુધ્ધ ફ્રાંન્સની જનતાની પડખે છે. અમે લોકશાહી અને વાણી સ્વાતંત્રતાની દઢ હિમાયત કરીએ છીએ.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના શોક સંદેશમાં જણાવ્યું હતું કે પેરીસમાં થયેલા હુમલાને વખોડી કાઢતા અમે ફ્રાન્સની જનતા પ્રત્યે અમારી પ્રતિબધ્ધતા વ્યક્ત કરીએ છીએ. હુમલાના મૃતકોના પરિવારોને હું દિલાસો પાઠવું છું.

# કવિ અને સાહિત્યકાર યોસેફ મેકવાનને કુમાર પારિતોષિક એનાયત

ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કવિ અને સાહિત્યકાર યોસેફ મેકવાનને કુમાર સુવર્ણ ચંદ્રક એનાયત કરાયો હતો. આ પ્રસંગે સાહિત્ય પરિષદના પ્રમુખ ધીરુભાઈ પરીખે જણાવ્યું હતું કે કુમારના ૯૦ વર્ષ પુરા થવામાં છે. હું તેના ૧૦૦ વર્ષની ઘટનારુપી ઉજવણી કરી શકું તે માટે હજું દસ વર્ષ જીવવા માંગુ છું.કુમાર ટ્રસ્ટના ટ્રસ્ટી કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે કુમાર એ માત્ર એક સામાયિક નથી પણ નવી અને ઘડાયેલી બંને કલમ માટે માળીનું કામ કરતી એક સંસ્થા છે.

પારિતોષિક વિજેતા યોસેફ મેકવાન માટે હર્ષદભાઈ ત્રિવેદીએ કહ્યું હતું કે તેમનું અંતર્મુખી વ્યક્તિત્વ તેમને સતત કવિતા સાથે બાંધેલા રાખે છે.તેમણે આધુનિકતામાં અટકાયા વિના તેમની એક ગતિ નક્કી કરી છે.કવિ યોસેફ મેકવાને આ પ્રસંગે જણાવ્યું હતું કે તેમણે એમએ બીએડ કરીને શિક્ષક તરીકે નોકરી મેળવી.તેથી જીવનમાં સ્થિરતા આવી,અને કવિતા લખવા તરફ મન વળ્યું.૧૯૬૦થી મારી કાવ્ય યાત્રાની શરુઆત થઈ.સાહિત્ય ક્ષેત્રે ખ્રિસ્તી આલમના યોસેફભાઈનું બહુમાન આનંદ અને ગૌરવને પાત્ર છે.

# શ્રીલંકામાં એક દાયકા બાદ રાષ્ટ્ર પ્રમુખની ચુંટણીમાં હાર

શ્રીલંકામાં તાજેતરમાં યોજાયેલ રાષ્ટ્રપ્રમુખની ચુંટણીમાં છેલ્લા એક દાયકાથી શાસનમાં રહેલા પ્રમુખ મહિંદા રાજપક્ષેનો પરાજય થયો હતો.તેમની સામે તેમના હરિફ ઉમેદવાર મૈત્રીપાલ સિરિસેના છ લાખના મતોની સરસાઈ મેળવીને જીત મેળવી હતી.શ્રીલંકામાં છેલ્લા એક દાયકામાં બનેલી એવી સૌથી મોટી રાજકીય ઘટના ગણવામાં આવી હતી.રાજપક્ષેની હાર થતાં તેમના દસ વર્ષના શાસનનો અંત આવી ગયો હતો.સિરિસેનાએ રાષ્ટ્ર પ્રમુખ તરીકે શપથ લીધા હતા.રાજપક્ષેના પ્રેસ અધિકારીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મહિંદા રાજપક્ષે હાર સ્વીકારી છે. અને જનાદેશનો સ્વીકાર કરીને એ સુનિશ્ચિત કરશે કે દેશમાં સત્તાનું હસ્તાંતરણ શાંતિપુર્ણ થાય.

હારી ગયેલા ઉમેદવાર રાજપક્ષેની તરફેણમાં ભારતના ફિલ્મી એક્ટર સલમાનખાને પ્રચારમાં ભાગ લેવા માટે તામિલનાડુંમાં કેટલાક સંગઠનો દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો.રાષ્ટ્ર પ્રમુખે પ્રચાર માટે અનેક તરકીબો અજમાવી હશે પરંતુ તેમનો બહુ લાંબી સરસાઈ દ્વારા તેમના હરિફે તેમને હરાવ્યા હતા.આમ શ્રીલંકામાં મહિંદા રાજપક્ષેનો એક દસકાનો કાર્યકાળ પુરો થયો છે. અને હવે શ્રીલંકાનો માટે નવા પ્રમુખ આવ્યા છે.

# સદા-એ-સરહદ બસ સેવા ૧૬ વર્ષમાં પહેલી વાર ટુંકાવાઇ

દિલ્હીથી પાકિસ્તાનના લાહોર શહેર સુધી દોડતી સદા-એ-સરહદ બસ સેવા વાઘા સરહદ સુધી સીમીત કરી દેવાની ફરજ પડી છે.૧૬ વર્ષ પહેલાં લાહોર દોસ્તી બસનો પ્રારંભ થયો હતો.પાકિસ્તાનના ટુરીઝમ વિભાગે ભારતને વિનંતી કરી હતી કે દિલ્હી-લાહોર બસ પર આતંકવાદી હુમલાની સંભાવનો રહેલી છે તેથી આ બસને વાઘા સરહદ સુધી સીમીત કરવી.જેથી હવે આ બસ વાઘા સરહદ સુધી જ જશે અને વાઘા ખાતે ઈમીગ્રેશનની વિધિ પતાવીને બીજી બસમાં તેઓ લાહોર જઈ શકશે.અન્ય બસમાં લાહોર જવા માટે ૨૧ કી.મી.નું અંતર કાપવાનું રહેશે.જે પ્રમાણે પાકિસ્તાનથી ભારત આવતા પ્રવાસીઓ માટે બનશે.પાકમાં આતંકી હુમલાની ભીતીને કારણે આ પગલું લેવામાં આવ્યું છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જ્હોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ચાલુ ટ્રેને ફરિયાદ નોધાશે,પ્રવાસીને પ્રવાસ અટકાવવો પડશે નહી :હાઇકોર્ટ

અલ્હાબાદની હાઈકોર્ટની લખનૌ બેંચે ટ્રેનમાં મુસાફરી કરતાં રેલ્વે પેસેન્જરની સુરક્ષા માટે અનેક નિર્દેશો આપ્યા હતા. તેમાં જણાવાયું હતું કે જો ટ્રેનમાં ગુનો બને તો એફઆઈઆર ચાલુ ટ્રેનમાં જ નોધાવી જોઈએ. તેની નકલ ભોગ બનેલને આપવી. પેસેન્જરે યાત્રા અધુરી છોડી પોલીસ ફરિયાદ કરવાની જરુર નહીં રહે. એફઆઈઆર ત્રણ નકલમાં બનાવી પેસેન્જરને આપવી અને તેને જ્યાં જવું હોય ત્યાં જવા દેવો.અત્યાર સુધી આરપીએફએફઆર ફોર્મ રાખે છે અને પેસેન્જરને જર્નીં બ્રેક કરી ફરીયાદ લખવી પડે છે. જો બીજા અનેક નિર્દેશો આપ્યા છે જેને પ્રવાસીઓની સુવિધા માટે જાહેરમાં મુકવા જરુરી છે.

**જાણવા જેવું !**

ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.

વિશ્વમાં સૌથી વિશાળ રીછ કોડીઆક છે. જે અલાસ્કામાં જોવા મળે છે. અને તે ૧૭૦૦ પાઉન્ડ વજન ધરાવે છે.

જિરાફનું વજન ૨૦૦૦ કી.ગ્રા. હોય છે. જિરાફ રોજના બાર કલાક તેનો ખોરાક ખાવામાં કાઢે છે.

# ભારતની ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની ટેસ્ટ ક્રિકેટમાંથી આકસ્મિક વિદાય

ભારતની ક્રિકેટ ટીમને ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧નો વર્લ્ડ કપ જીતાડનાર સૌથી સફળ કેપ્ટન તરીકે મહેન્દ્રસિહ ધોનીએ ઓસ્ટ્રેલીયામાં રમાઈ રહેલ ટેસ્ટ શ્રેણીની ત્રીજી ટેસ્ટ બાદ ટેસ્ટ ક્રિકેટમાંથી વિદાય લીધી હતી.ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરીને સમગ્ર ક્રિકેટ રસીયાઓને આશ્ચર્યમાં મુકી દીધા હતા.તેમણે થાક તથા ટી-૨૦ ફોર્મેટમાં થાક અને આગામી વર્લ્ડ કપના ભારણના કારણે આ નિર્ણય લીધો હોવાનું મનાય છે. કેટલાક લોકોનું માનવું છે કે પરદેશમાં મળી રહેલ હારને કારણે તેની પર કપ્તાનપદ છોડવા માટે દબાણ હતં. જો કે કેટલાક એવુ માને છે કે આઈપીએલના વિવાદને કારણે પણ તેણે નિવૃત્તિ જાહેર કરી દીધી છે.

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# કર્ણાટક હાઇકોર્ટ દ્વારા ચર્ચ બ્લાસ્ટ કેસના આરોપીઓને મૃત્યુદંડની સજા આજીવન સજામાં ફેરવાઇ

૨૦૦૦ના વર્ષમાં બેગલુર,કર્ણાટકમાં સીરીયલ ચર્ચ બ્લાસ્ટમાં તકસીરવાર ઠરેલ આરોપીઓને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી,જેનો હાઈકોર્ટમાં કેસ ચાલતાં તમામ મૃત્યુદંડની સજા પામેલ આરોપીઓની સજાને આજીવન કારાવાસની સજામાં ફેરવવાનો ચુકાદો નામદાર હાઈકોર્ટે આપ્યો હતો.

દિનદાર અન્જુમન ઓરગેનાઈઝેશન ના ૨૨ સભ્યો ૨૦૦૮માં ખાસ અદાલતે સજા કરી હતી.તેમાં કોર્ટે જણાવ્યુ હતું કે જેમાં સાત લોકોએ કરેલુ કૃત્ય રેરેસ્ટ ઓફ રેર કેસીસમાં આવતું નથી તેથી તેમને મૃત્યુદંડની સજા થઈ શકે નહી.આ ઉપરાંત આ બ્લાસ્ટના કેસમાં કોઈ જાહેર હાનિ થઈ નથી.તેમજ આ લોકોનો ઈરાદો કોઈને મારી નાંખવાનો નહતો. તેવું કોર્ટે જણાવ્યું હતું.

આરોપીઓ દ્વારા કરવામાં આવેલ અપીલને ખારીજ કરતાં કોર્ટ કહ્યું હતુ કે પુરાવાઓ એવું બતાવે છે કે તેમનો ઈરાદો ભારત સામે યુધ્ધ કરવાનો હતો.આ ઉપરાંત રાજ્ય સરકારને ઉથલાવી દેવાનું કાવતરુ પણ હતું.ડીવીઝન બેન્ચે કે જે જસ્ટીસ એન.કુમાર અને જસ્ટીસ રથનાકલાની બનેલી હતી તેમણે તેમના જુદા જૂદા શબ્દોમાં કહ્યું હતું કે આરોપીઓ નિર્દોષ તો નથીજ.આમાનં કેટલાક લોકો પાકિસ્તાન જઈને હથિયારો કેવી રીતે ચલાવવા,સ્ફોટક પદાર્થો દ્વારા કેવી રીતે બ્લાસ્ટ કરવા તેની તાલિમ લઈ આવ્યા છે તેથી તેમને નિર્દોષ ગણી શકાય નહી.આ કેસમાં ૩૫ વ્યક્તિઓ સામે ચાર્જશીટ કરવામાં આવ્યું હતું પરંતુ ૨૨ જેટલા લોકો સામે ખટલો ચાલ્યો હતો.અને આ તમામ ૨૨ આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવાની રહેશે.જેમાં પાંચ વ્યક્તિ ઝીયા-ઉલ -હસન, લીડર દિનદાર અન્જુમન,અને બીજા ચાર કે જેઓ પાકિસ્તાન ભાગી છુટ્યા છે તેમજ કેટલાક આરોપીઓ ખટલો ચાલ્યો તે દરમિયાન મૃત્યુ પામ્યા છે અને કેટલાક લોકો બરી કરવામાં આવ્યા છે.

આ આરોપીઓનો ધ્યેય માત્ર ઈસ્લામીક વિશ્વની સ્થાપના કરવાનો છે.આ મુદ્દો હાંસલ કરવા માટે તેઓ ભયનું વાતાવરણ સર્જવા માંગતા હતા.હિંદુઓ અને ખ્રિસ્તી વચ્ચે તનાવ વધે તે રીતનું તેઓનું આયોજન હતું.તેઓ આ પ્રકારનું સાહિત્ય છાપીને પણ વહેચતા હતા જેથી હિંદુ અને ખ્રિસ્તીઓ વચ્ચે તનાવ કે ઘર્ષણ વધે.તેથી તેઓએ ચર્ચ ઉપર બ્લાસ્ટ કર્યા જેથી ખ્રિસ્તીઓ આ કાર્ય માટે હિંદુઓ પર શક કરે.કોર્ટની બેચં આ તારણ કાઢ્યુ હતું.

આથી કરીને જેઓ રાહ ભુલેલા છે તેમને મજબુત સંદેશો પાઠવવો જરુરી છે.શેતાની મગજ ધરાવતા લોકો માટે ખાસ કડક આદેશો જરુરી છે.અને તેમાંય ખાસ કરીને યુવા મુસ્લીમો કે જેઓ આવા અસામાજીક લોકોના હાથા બને છે તેમના માટે કડક જજમેટ જરુરી છે.કારણકે કેટલાક અસામાજીક લોકો દ્વારા કરાતાં કૃત્યોને લઈને આખી કોમ બદનામ થાય છે.આજીવન કારાવાસનો નિર્ણય આરોપીઓને સંભળાવતા આ બાબતો કોર્ટે જણાવી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# બિહારમાં આઠ મહાદલિતોએ ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતર કર્યું

બિહારમાં આવેલ મુંગર જીલ્લામાં આવેલ રતનપુરા જે સંગ્રામપુર બ્લોકમાં આવે છે ત્યાં આઠ જેટલા મહાદલિતોએ હિંદુ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતર કર્યું હતું.ધર્માંતરણ કરનારાઓ જીલ્લા અધિકારીઓને જણાવ્યું હતું કે તેઓએ તેમનું જીવન માન અને ગૌરવ માટે એ ધર્મને સોપ્યું છે જે તેનું જતન કરે છે.જીલ્લા મેજીસ્ટ્રેટ અમરીદ્રા પ્રસાદ સિંહ આ બાબતે તપાસ કરવાના હુકમો કર્યા હતા.

પ્રકાશ મનજીહ જે આઠ ધર્માંતરણ કરનારાઓ પૈકીનો એક વ્યક્તિ હતો તેણે પોતાની માતાના અંતિમ સંસ્કાર ખ્રિસ્તી વિધિ અનુસાર કર્યા હતા.તેણે તેની માતાના મૃતદેહને સન્માનથી દફનાવ્યો હતો, મનજી અને બીજા જેઓએ ધર્માંતરણ કર્યું હતું તેઓએ સરકારી અધિકારીઓને જણાવ્યુ હતું કે તેઓ સ્થાનિક મિશન સ્કુલ અને પ્રીસ્ટ સુખલાલ સોરેનથી પ્રભાવિત છે.સિહે આઈએએનએનને ટેલીફોન પર જણાવ્યુ હતું કે સોરેને એમ કહ્યું હતું કે આ ધર્માંતરણ નથી.ધર્માંતરણનો વિરોધ કરતાં તેમણે કહ્યું હતું કે આ લોકોએ તેમનો વિશ્વાસ અને આસ્થા જીસસ ક્રાઈસ્ટમાં વ્યક્ત કરી છે.તેથી બે સરકારી અધિકારીઓ આ બાબતે તપાસ કરીને રીપોર્ટ આપશે.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# કેરાલાના મુખ્યમંત્રીશ્રી ચાંડી, દારુબંધીની હિમાયત માટે કેથોલીક બિશપની મુલાકાતે

કેરાલા સરકાર દ્વારા તાજેતરમાં દારુબંધી દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દેશમાં સહુથી વધુ આલ્કોહોલનો વપરાશ કરતું રાજ્ય કેરાલા છે. તેમજ શિક્ષણમાં પર સૌથી આગળ રાજ્ય કેરાલા છ.પરંતુ કેરાલામાં ખુજબ દારુનું સેવન થાય છે માટે દારુબંધી દાખલ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય વ્યાજબી ઠરે માટે મુખ્યમંત્રીએ બિશપની સાથે આ બાબતે સરહાર માટે વાતચીતનું આયોજન કર્યું હતું.તેઓ બિશપ થેમાસરી રીમીજીયોસ ઈનચાનનીયલ સાથે કોઝીકોડી ખાતે મળ્યા હતા.તાજેતરમાં જે દારુબંધી દાખલ કરવામાં આવી તે માટે એન્ટી લીકર કમિટિ બનાવવામાં આવી હતી અને આ કમિટિના ચેરમેન તરીકે કેરલા કેથોલિક બિશપ્સ કાઉન્સીલના બિશપ ઈનચાનનીયલ હતા.ખુબજ મોટા પ્રમાણમાં લોકોનો સમુદાય,જેમાં નન્સ સરકારે લીકર પોલીસીમાં કરેલા સુધારાને કારણે નારાજ થઈને સરકાર સામે દેખાવો કર્યા હતા.

બિશપ સાથેની મુલાકાત બાદ મુખ્યમંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે તેમની આ મુલાકાત સારી રહી હતી.તેમણે બિશપને તમામ ઘટનાઓ બાબતે જાણકારી આપી હતી, જે બાબતોને ધ્યાનમાં રાખીને સરકારે સુધારા કર્યા હતા.મોટા ભાગના ખ્રિસ્તી ધર્માધિકારીઓ દારુબંધીની તરફેણમાં છે તેથી તેઓ સપ્તતાઈથી સરકારા દારુબંધીનો અમલ કરે તેમ ઈચ્છે છે. પરંતુ સરકારે પોતે દારુ વેચવાનો ચાલુ રાખ્યો છે જ્યારે ખાનગી વેપારીઓની દુકાનો બધ કરવામાં આવી છે.જો કે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સરકાર દારુબંધીમાં કોઈ કારણસર પીછેહટ કરશે નહી અને ધીમે ધીમે આયોજન બધ્ધ તરીકાથી રાજ્યમાં સંપુર્ણ દારુબંધીનો અમલ કરાવશે.મુખ્યમંત્રીની સાથે બિશપની મુલાકાતમાં ચર્ચામાં કે.સી.જોસેફ તથા કે.બાબુ બે રાજ્યના મંત્રીઓ હાજર રહ્યા હતા.જો કે બાબુએ જણાવ્યું હતું કે કેટલાક બહારના પરિબળો આ વિરોધ પાછળ જવાબદાર છે.જ્યારે સેક્રટરી કેસીબીસી એન્ટી લીકર કમિટિ ફાધર એન્ટોની એ મીનીસ્ટરની વાતને રદિયો આપતાં કહ્યું હતું કે તેમણે મુકેલા આરોપો ખોટા છે. અમો સરકારની વિરુધ્ધ,મુખ્યમંત્રીની વિરુધ્ધ નથી પરંતુ જે રીતે પોલીસીમાં સુધારા કરાયા છે તેના વિરોધ કરીએ છીએ.સરકારના સુધારા જ્યાં સુધી પાછા નહી ખેચાય ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ રહેશે.સુધારા મુજબ બીયર અને વાઈન બારને ખુલ્લા રાખવાની પરવાનગી મળી હતી.

# બિહારના બોધગયાના અતિયામાં ઘરવાપસી કાર્યક્રમમાં ૩૪ ખ્રિસ્તી કુટુંબોને હિંદુ બનાવવા માટે હવન કરવામાં આવ્યો

વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ પ્રવીણ તોગડીયાના જણાવ્યા પ્રમાણે ઘરવાપસી કાર્યક્રમ સંવિધાન કે કાયદાની વિરુધ્ધ નથી. સુપ્રીમ કોર્ટે પણ ઉલ્લેખ કર્યો હતો કે હિંદુત્વ જીવવાની એક પધ્ધતિ છે. માટે જે લોકો જીવવાની આ પધ્ધતિ અપનાવવા માંગે છે તેમને અમે આવકારીએ છીએ.વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા બિહારના બોધગયાના અતિયા ગામમાં ૨૫ ડિસેમ્બરના રોજ હિંદુમાંથી ખ્રિસ્તી બનેલા ૪૨ કુટુંબોને ફરીથી હિંદુ બનાવવા માટે એક હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ હેઠળ હિંદુ માંથી ખ્રિસ્તી બનેલા ૩૪ કુટુંબોનું હવન દ્વારા શુધ્ધિકરણ કરી તેમને ફરીથી હિંદુ બનાવાયા હતા.

ફેબ્રુઆરી માસથી બહુ લાવો અને બેટી બચાવો કાર્યક્રમ બજરંગદળના કાર્યકર્તાઓ દ્વારા શરુ કરવામાં આવશે.જેમાં હિંદુ છોકરાના માતાપિતાને સમજાવાશે કે તેઓ તેમના લગ્ન મુસ્લિમ અને ખિસ્તી છોકરીઓ સાથે કરાવે.અને પોતાની છોકરીઓને અન્ય ધર્મમાં ન જવા સમજાવાશે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.